# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-06-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું - 140 કરોડ ભારતીયોના આશીર્વાદ અને સામૂહિક ભાગીદારીથી છેલ્લાં 11 વર્ષમાં વિવિધ ક્ષેત્રોમાં ઝડપી પરિવર્તન આવ્યું.

2) આરોગ્યમંત્રી જે પી નડ્ડાએ જણાવ્યું - મોદી સરકારનો 11 વર્ષનો કાર્યકાળ સુવર્ણ અક્ષરોમાં લખાશે.

3) છત્તીસગઢમાં માઓવાદીઓ દ્વારા કરવામાં આવેલા વિસ્ફોટમાં અધિક પોલીસ અધિક્ષક શહીદ.

4) ઇઝરાયલની સેનાએ ગાઝા માટે કાર્યકરો અને રાહત સામગ્રી લઈ જતું જહાજ અટકાવ્યુ.

5) હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, જમ્મુ-કાશ્મીર, પંજાબ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના વિવિધ સ્થળોએ હીટવેવની આગાહી

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# REV. PM- GOVERNANCE 11 YEARS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 140 કરોડ ભારતીયોના આશીર્વાદ અને સામૂહિક ભાગીદારીના કારણે, છેલ્લા 11 વર્ષમાં દેશમાં વિવિધ ક્ષેત્રોમાં ઝડપી પરિવર્તન આવ્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસના સિદ્ધાંત દ્વારા માર્ગદર્શન મેળવીને, NDA સરકારે ગતિ, કદ અને સંવેદનશીલતા સાથે પથપ્રદર્શક ફેરફારો કર્યા છે.

શ્રી મોદીએ ઉમેર્યું કે, આર્થિક વિકાસથી લઈને સામાજિક ઉત્થાન સુધી, લોક-કેન્દ્રિત, સમાવેશી અને સર્વાંગી પ્રગતિ પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. તેમણે જણાવ્યું, દેશ આજે ફક્ત સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા જ નથી, પરંતુ આબોહવા કાર્યવાહી અને ડિજિટલ નવીનીકરણ જેવા મુદ્દાઓ પર મુખ્ય વૈશ્વિક અવાજ પણ છે. તેમણે કહ્યું કે ભારત આશા, આત્મવિશ્વાસ અને નવા સંકલ્પ સાથે વિકસિત ભારત બનાવવા પ્રતિબદ્ધ છે. શ્રી મોદીએ લોકોને નમો એપ પર ઉપલબ્ધ વીડિયો, ઇન્ફોગ્રાફિક્સ અને લેખો જેવા વિવિધ આકર્ષક સ્વરૂપો દ્વારા ભારતની વિકાસ યાત્રાનું અન્વેષણ કરવા માટે પણ આમંત્રણ આપ્યું હતું.

# JP NADDA ON 11 YEARS

ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જે પી નડ્ડાએ જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો 11 વર્ષનો કાર્યકાળ સુવર્ણ અક્ષરમાં લખાશે. છેલ્લાં 11 વર્ષમાં મોદી સરકારની ઉપલબ્ધિઓ અંગે પત્રકાર પરિષદ સંબોધતા શ્રી નડ્ડાએ જણાવ્યું કે, મોદી સરકાર જનતાને સાથે લઇને ચાલે છે અને અનેક મજબૂત નિર્ણયો લે છે. તેમણે કેન્દ્રની એનડીએ સરકારને અસરકારક ગણાવી, તેમણે જણાવ્યું કે, છેલ્લાં 11 વર્ષમાં મોદી સરકારે વિક્સિત ભારતનો પાયો નાખ્યો છે.

## (BYTE: જે પી નડ્ડા)

શ્રી નડ્ડાએ કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારે કામગીરી આધારિત રાજકારણ લાવીને દેશની રાજકીય સંસ્કૃતિને બદલી નાખી છે. એનડીએ સરકારે સમાજનાં તમામ વર્ગોની ચિંતા કરીને તેમનાં માટે વિવિધ યોજનાઓ અમલી બનાવી છે.

મોદી સરકારનાં હિંમતભર્યા નિર્ણયોની વિગતો આપતા શ્રી નડ્ડાએ ટ્રિપલ તલાક નાબૂદી, જમ્મુ કાશ્મીરમાં કલમ 370ની નાબૂદી, કોવિડ રસીકરણ અભિયાન, મહિલાઓને 33 ટકા અનામત, જીએસટી, વક્ફ બોર્ડ સુધારા કાયદો જેવા નિર્ણયોને ટાંક્યા હતા.

# MODI 3.0 AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત એક સુરક્ષિત, આત્મનિર્ભર અને વિકસિત રાષ્ટ્ર બનવાની દિશામાં નિર્ણાયક રીતે આગળ વધી રહ્યું છે. સોશિયલ મીડિયા ‘એક્સ’ પર એક પોસ્ટમાં શ્રી શાહે છેલ્લા 11 વર્ષમાં મોદી સરકારની સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો હતો અને જણાવ્યું હતું કે આ યુગ ભારતની આંતરિક સુરક્ષા અને રાષ્ટ્રીય વિશ્વાસમાં નોંધપાત્ર પરિવર્તન દર્શાવે છે.

તેમણે વધુમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે મોદી સરકારની ત્રીજી મુદતની શરૂઆત સાથે, રાષ્ટ્ર "સુધારા, પ્રદર્શન અને પરિવર્તનની શક્તિ સાથે વિકાસ અને આત્મનિર્ભરતા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે".

# CHHATTISGARH - IED BLAST

છત્તીસગઢમાં માઓવાદીઓ દ્વારા કરવામાં આવેલા વિસ્ફોટમાં અધિક પોલીસ અધિક્ષક શહીદ થયા છે. આજે સવારે સુકમા જિલ્લામાં પોલીસ કર્મચારીઓની એક ટીમ 10 જૂનના રોજ નક્સલવાદીઓ દ્વારા બંધનાં એલાનને ધ્યાનમાં રાખીને પેટ્રોલિંગ કરી રહી હતી, ત્યારે આ ઘટના બની હતી.

કોન્ટા-એરાબોર રોડ પર ડોંડરા ગામ નજીક નક્સલવાદીઓ દ્વારા લગાવેલા પ્રેશર ઇમ્પ્રોવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ-IEDમાં વિસ્ફોટ થયો હતો. આ ઘટનામાં એએસપી (કોન્ટા) આકાશ રાવ ગિરિપુંજે શહીદ થયા હતા અને કેટલાક અન્ય પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા.

# BIRSA-MUNDA--DEATH-ANNIVERSARY

આજે ભગવાન બિરસા મુંડાની 125મી પુણ્યતિથિએ દેશ તેમને યાદ કરી રહ્યો છે. બિરસા મુંડાએ શોષણકારી વ્યવસ્થા સામે ઉગ્ર પ્રતિકારનું નેતૃત્વ કર્યું હતું. તેઓ આદિવાસી સમુદાયોના અધિકારો અને ગૌરવ માટે લડ્યા હતા. બિરસા મુંડાનો જન્મ 15 નવેમ્બર 1875ના રોજ ઝારખંડના ઉલિહાટુમાં થયો હતો.

તેમણે આદિવાસી સમુદાયોને તેમની પરંપરાગત માન્યતાઓ તરફ પાછા ફરવા અને બ્રિટિશ શાસનનો પ્રતિકાર કરવા પ્રોત્સાહિત કર્યા હતા. 15 નવેમ્બરે તેમની જન્મજયંતિ નિમિત્તે જનજાતિય ગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ આધુનિક ભારતમાં આદિવાસી સંસ્કૃતિ અને અધિકારોના રક્ષણને પ્રોત્સાહન આપે છે.

# MSC IRINA

એક ઐતિહાસિક સિદ્ધિમાં, વિશ્વનું સૌથી મોટું કન્ટેનર જહાજ MSC IRINA આજે અદાણી જૂથના વિઝિંજમ આંતરરાષ્ટ્રીય બંદર પર પહોંચ્યું છે, જે મંગળવાર સુધી લાંગરેલું રહેશે.

TEU (ટ્વેન્ટી ફૂટ ઇક્વિવેલન્ટ યુનિટ) ક્ષમતાના માપદંડ પ્રમાણે વિશ્વનું સૌથી મોટું કન્ટેનર જહાજ-24 હજાર 346 TEUની પ્રભાવશાળી ક્ષમતા ધરાવે છે. આશરે 400 મીટરની લંબાઈ અને 61.3 મીટરની પહોળાઈ ધરાવતું આ જહાજ ફિફા દ્વારા નિયુક્ત પ્રમાણભૂત ફૂટબોલ મેદાન કરતાં લગભગ ચાર ગણું લાંબું છે. અદાણી પોર્ટ્સ એન્ડ એસઇઝેડ લિમિટેડ દ્વારા વિકસિત અને સંચાલિત આ બંદર બે મેના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું હતું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# STOCKS

ભારત-અમેરિકા વચ્ચે વેપાર મંત્રણામાં પ્રગતિ અને અને આરબીઆઇની નાણાંકીય નીતિને કારણે સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો આજે સકારાત્મક ખુલ્યા હતા. પ્રારંભિક વેપારમાં આઇટી, પીએસયુ બેન્ક્સ અને ઓટો સેક્ટર્સમાં તેજી જોવા મળી હતી.

છેલ્લાં અહેવાલ પ્રમાણે સેન્સેક્સ 200થી વધુ પોઇન્ટ અને નિફ્ટી 100થી વધુ પોઇન્ટનાં ઉછાળા સાથે કામકાજ કરી રહ્યો છે. બેન્ક નિફ્ટી, નિફટી મિડકેપ, સ્મોલકેપ જેવા સૂચકાંક પણ તેજી સાથે કારોબાર કરી રહ્યા છે. વિશ્લેષકોનાં જણાવ્યા પ્રમાણે ગયા સપ્તાહે આરબીઆઇએ જાહેર કરેલી નાણાકીય નીતિ નજીકનાં ગાળામાં બજારનો ઉત્સાહ જાળવી રાખશે.

# ISRAELI-FORCES-GAZA-BOUND-AID-SHIP.

ઇઝરાયલની સેનાએ ગાઝા માટે રાહત સામગ્રી લઈ જતું જહાજ અટકાવી દીધું છે. આ જહાજમાં આબોહવા પરિવર્તન ક્ષેત્રે કાર્યરત ગ્રેટા થનબર્ગ અને અન્ય લોકો સવાર હતા. ઇઝરાયલની સેના દ્વારા તમામ મુસાફરોની અટકાયત કરી જહાજને ઇઝરાયલ લઈ જવાયું હતું.

આ જહાજ દ્વારા એક સામાજિક સંસ્થાએ ખોરાક અને આવશ્યક વસ્તુઓની તીવ્ર અછતનો સામનો કરી રહેલા ગાઝામાં માનવતાવાદી સહાય મોકલી હતી. ગયા મહિને પણ આ સંસ્થાએ માલ્ટાથી ગાઝા માટે એક જહાજ મોકલ્યું હતું પરંતુ તે ડ્રોન હુમલામાં નાશ પામ્યું હતું.

# MUMBAI - TRAIN ACCIDENT

મહારાષ્ટ્રમાં આજે સવારે લોકલ ટ્રેનમાં સર્જાયેલી દુર્ઘટનામાં એક મુસાફરનું મોત થયું અને 13 મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા હતા. દિવા અને મુંબ્રા વચ્ચે દોડતી હતી. ટ્રેનના દરવાજા પર લટકતા કેટલાક મુસાફરો અથડાઇને રેલવે ટ્રેક પર પડી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ ઇમરજન્સી સેવાઓ અને રેલવે વહીવટીતંત્ર ઘટનાસ્થળે પહોંચી ગયું હતું. રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે.

# SPECIAL FEATURE- 11 YEARS OF GOVT

સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના સિદ્ધાંતોથી પ્રેરિત, ભારતે એક દાયકામાં નોંધપાત્ર પરિવર્તન કર્યું છે. આકાશવાણી સમાચાર વિભાગ છેલ્લા 11 વર્ષમાં મુખ્ય ક્ષેત્રોમાં સરકારના પ્રયાસો પર એક વિશેષ લેખ રજૂ કરે છે.

આજે, અમે ઉત્તરપૂર્વ ભારતની વિકાસ યાત્રા પર ધ્યાન કેન્દ્રિત કરીશું - એક એવો પ્રદેશ જે એક સમયે દૂર જોવા મળતો હતો, જે હવે કનેક્ટિવિટી અને પ્રગતિના પ્રતીક તરીકે ઊભો છે. પ્રસ્તુત છે એક અહેવાલ ..

(વોઇસ કાસ્ટ– AKSHIT NORTH EAST)

# J&K - HEAT WAVE

હવામાન વિભાગે હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, જમ્મુ-કાશ્મીર, લદાખ, પંજાબ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના વિવિધ સ્થળોએ હીટવેવની આગાહી કરી છે.

જમ્મુ અને કાશ્મીરમાં સાંબા અને જમ્મુ શહેરમાં રવિવારે મહત્તમ તાપમાન અનુક્રમે 43.9 અને 42.7 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આકાશવાણી જમ્મુનાં સંવાદદાતાએ અહેવાલ આપ્યો કે, આ વિસ્તાર છેલ્લા ત્રણ દિવસથી ભારે ગરમીના મોજા હેઠળ છે, જેમાં તાપમાન સતત 40 ડિગ્રી સેલ્સિયસથી ઉપર વધી રહ્યું છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ દરમિયાન જમ્મુ વિસ્તારમાં ભીષણ ગરમીની આગાહી કરી છે.

# ASSAM-FLOOD

આસામમાં પૂરની સ્થિતિમાં સુધારો જોવા મળ્યો છે. જોકે, રાજ્યના 11 જિલ્લાના 740 ગામમાં 2.5 લાખથી વધુ લોકો હજી પૂરની પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે.

આસામ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના જણાવ્યા અનુસાર, 25 હજારથી વધુ લોકો 130 રાહત શિબિરોમાં આશ્રય લઈ રહ્યા છે. કામરૂપ જિલ્લામાં પૂરની સ્થિતિમાં સુધારો થતાં, બ્રહ્મપુત્ર નદીમાં ફેરી સેવા પુનઃસ્થાપિત કરવામાં આવી છે. પૂરને કારણે ગઈકાલે કામરૂપ જિલ્લામાં ત્રણના મોત થયા હતા. રાજ્યમાં પૂર અને ભૂસ્ખલનમાં અત્યાર સુધીમાં 26ના મોત થયા છે.